# ચાલો, જાણીએ દક્ષિણ ગુજરાતના અનાવિલોને

લેખકઃ- ડૉ. ભરતભાઇ દેસાઇ **https://blog.drbharatdesai.com** માંથી

## અનાવિલ સમાજનો પરિચય

- વાપીથી તાપી અથવા કહોકે ઉંમરગામથી કોસંબા સુધી વિસ્તરેલા અનાવિલો, હકીકતમાં વિશ્વના દરેક ખૂણે પથરાયેલા છે.
- અપરિણિત રહેવું- મોડાં લગ્નો અને એક કે તેથી ઓછા બાળકો ધરાવતા અનાવિલો ધીરે ધીરે કુલ બે લાખથી પણ ઓછી વસ્તી વિશ્વમાં ધરાવે છે.

## આપણો ઈતિહાસ

1. આપણે કહી શકીએ કે આપણો ઈતિહાસ કમસેકમ 5000 વર્ષ જુનો છે. દક્ષિણ ગુજરાતના અનાવલ (ત્યારે અનાદિપુર તરીકે પ્રખ્યાત) ખાતે ભગવાન રામને રાવણ જેવા બ્રાહ્મણના વધના પ્રાયશ્ચિત માટે પાપ ધોવા માટે મહાયજ્ઞ કરવાની જરૂર પડી ત્યારે હનુમાન આપણા પૂર્વજોને આયોધ્યાથી અનાવલ લાવ્યા હતા ત્યારથી આપણે અજાચક બ્રાહ્મણો કે અનાવિલ તરીકે ઓળખાઈએ છીએ. હકીકતમાં, આપણે અફઘાનિસ્તાનથી આવેલા આર્યો છીએ.
2. બિહારના મગધ રાજ્યના રાજ્યકર્તા તરીકે પણ આપણા પૂર્વજો ઓળખાયા છે. અનાવિલ રાજા "પૂત્રક" નાગકન્યા "પાટલી" સાથે લગ્ન કર્યા પછી રાજધાની તરીકે "પાટલીપૂત્રક" શહેર વસાવે છે જે આજે પટના તરીકે ઓળખાય છે. તેથી જ આપણા જેવા બુદ્ધિશાળી અને નેતા ચાણકય ઉર્ફે કૌટિલ્ય પણ અનાવિલ હોવાનું મનાય છે.
3. અનાવલ રાજ્ય જે વ્યારા, મહુવા, વાંસદા, અને ચીખલી તાલુકા સુધી વિસ્તરેલું હતું તેના રાજા અનાવિલ હતા. જેના આપણે વંશજો છીએ. બૌદ્ધ ધર્મના લોકોને વૈદિક ધર્મ પ્રત્યે તિરસ્કાર હોવાથી તેમણે ભીલ લોકોનો સાથ લઈ વાંસિયાભીલ સાથે મળી આપણે યજ્ઞકાર્ય માં વ્યસ્ત હતા ત્યારે યુદ્ધમાં હરાવ્યા હતા. 1186 માં અનાવિલ રાજા સંમધર વશીએ પાટણના રાજા સિદ્ધરાજ જયસિંહની મદદથી વાંસિયા ભીલને

હરાવ્યો હતો પછી તેને રાજયમાં રસ ન હોવાથી રાજપૂત રાજાઓને સોપ્યું હતું જે વાંસદા રાજ્ય તરીકે ઓળખાતું હતું.

## સતીમાતામંદિર

ગણદેવીના 400 વર્ષથી પ્રખ્યાત અનંત વશી પરિવારના ગોપાળજી દેસાઈના પુત્રી ઈચ્છાબેને પતિના મૃત્યુબાદ તેમની ચિતા ઉપર બેસી અગ્નિસ્નાન કર્યું હતું. સતી બન્યા છે અનાવિલ સમાજના "ગણદેવી ના દેસાઈજી પરિવારે" એકમાત્ર સતીની યાદમાં એક મંદિર બનાવ્યું છે તેમના પરિવારની ટેકરી ઉપર તળાવકિનારે ગણદેવી ચાર રસ્તા ખાતે એમને યાદકરીને પ્રણામ-સન્માન પાઠવવા દર વર્ષે કાળીચૌદશે ત્યાં મેળો ભરાય છે.

## મામાદેવમંદિર,પૂણી

ધાડપાડુઓથી બહેનને બચાવવા અને ચોરોને લૂંટતા રોકવા પૂણી ખાતે યુવાઓની મદદથી અનાવિલે ધાડપાડુઓનો સફળ સામનો કરી બહેનને લૂંટાતી બચાવી હતી પણ ભાઈ આ પ્રસંગે મૃત્યુ પામ્યો હતો. તેની યાદમાં પૂણી ખાતે આ "મામાદેવ મંદિર"આવેલછે.

## સુરત

તમને જાણીને નવાઈ લાગશે પણ સુરતમાં અનાવિલો છવાયેલા હતા. મોટાભાગની સુરતની જમીન અનાવિલોની માલીકીની હતી. તેમણે અનાવિલ વસ્તીવાળા ફળિયાઓ જેને પરાં કહેતા તે વસાવ્યા હતા.

| નં | અનાવિલ નામ | જમીન | પરાનું નામ |
|---|---|---|---|
| 1 | સગરામ વશી | 20 એકર | સગરામપુરા |
| 2 | રઘુનાથ ઉર્ફે રઘનાથ | 46 એકર | રઘુનાથપુરા |
| 3 | રામભાઈ | 47 એકર | રામપરા |
| 4 | હરિભાઈ | | હરિપુરા |
| 5 | રૂદ્રજી | | રુદ્રપુરા |

| | | | |
|---|---|---|---|
| 6 | મહિધર | 57 એકર | મહિધરપુરા |
| 7 | સામજી | | સામપરા |
| 8 | ગોપી નાયક | | ગોપીપુરા |
| 9 | ઈંદરજી | 25 એકર | ઈંદરપુરા |

અનાવિલો રાજયમાં સત્તા અને ધનવાળા હોવાથી ઉપરાંત અજાચક પૈસા ન લેનાર હોવાથી “બાદશાહ” કહેવાતા.

## મહાનુભાવો

અનાવિલ સમાજના દરેક વ્યક્તિ મહાન એટલે અનાવિલ મહાનુભાવો એટલે ફક્ત મોરારજી દેસાઈ, ભૂલાભાઈ દેસાઈ, મહાદેવભાઈ દેસાઈ, કે ડી.એ.દેસાઈ નહિ અનાવિલ સમાજનો એકેક વ્યક્તિ આપસૌ મહાનુભાવો.



- Morarji Ranchhodji Desai,Bhadeli (Bharat Rtna, Nishan-e-Pakistan) (29.02.1896 - 10.04.1995) Former prime minister of India.
- Mahadevbhai Desai, Dihen (01.01.1892 - 15.8.1942) close associate of Mahatma Gandhi.
- Bhulabhai Jivanji Desai, Bhadeli Freedom Fighter, Advocate.
- Dr Amul Desai, Freedom Fighter, Minister of Finance & Planning of Gujrat State in 1973.

- Khandubhai Kasanji Desai, Valsad 23.11.1898 - 17.04.1975 A prominent labor leader, Gandhian, labor minister in Pandit Nehru's cabinet, Governor of the state of Andhra Pradesh from 1968 - 1975. Member of the Indian Constitution Assembly.
- Manibhai Desai (Urulikanchan) Kosmada (Padmashree) 20.4.1920 - 14-11-1993 Gandhian, Social Rural Worker, founder of Bhartiya Agro Industries Foundation(BAIF)
- Monji Rudar (Umarsadi) (1864 - 03.01.1937) Social Worker (Samaj Sudharak)
- Ishvarlal Chhotubhai Desai (Untadi) (25.12.1907 - 21.03.1996) Freedom Fighter ( Sena Nayak- Pardi & Daman Satyagrah)
- Zinabhai Ratanji “Snehrashmi” Samroli-Chikhli (16.04.1903 - 06.01.1991) Gujatrati Writer and Poet
- Dayalji Nanubhai Desai, Vesma-Surat Freedom Fighter, Gandhian
- Gulabbhai bhikhabhai Mehta, Ajrai. former president of valsad dist bank, former chairman Vasudhara dairy.
- Lalbhai Naik, Navsari Freedom Fighter, Gandhian.
- Dhirubhai A. Desai, Dihen-Surat (09.05.1920 - 13.05.2004) former high court judge.
- Anil M. Naik, Kharel-Mumbai Chairman & Managing Director of Larsen & Toubro Limited.,chairman of IIM AHMEDABAD.
- Dr. Shailesh Naik, Bilimora-Baroda Chairman ISRO Winner of Vikram Sarabhai Award, Bhaskar Award, Indian Geophysical union Gold Medal, National Mineral Award, Indian Nation Remote Sensing Award, Skotch Challenger Award for Security & Disaster Management Hon. Doctor of Science by Assam Uni. and Andhra Uni.
- Prakashbhai Khandubhai Desai. Navsari Air Marshal - Indian Air Force. (Vishishtha Seva Medal)
- Manibhai Haribhai Desai ( Yogi Yogendraji) Degam-Mumbai (18.11.1897 - 25.05.1998) Yog Guru, Gruhastha Yogi Yogendraji. Founder Yog Institute, Mumbai.
- Mukundji Kunvarji Sharma (Desai), Malwada-Chikhali Prakhar Aarya Samaji, Krantiveer Anavil Samaj Sudharak.
- Thakorbhai Manibhai Desai, Vegam Freedom fighter, Arogya-Sahkar-Mehsul Minister in Hitendra Desai Ministry, Gujarat.
- Thakorbhai Vallabhbhai Naik, Vegam Minister, Gujarat Government.
- Kikubhai Gulabbhai Naik, Kachholi Freedom Fighter, Gandhian, MLA Founder, Gandhighar Kachholi.
- Dolatbhai Natubhai Desai, MLA Valsad. Kanubhai Desai, MLA Pardi. Piyushbhai Dinkarbhai Desai, MLA Navsari.
- Manmohan Desai, famous Bollywood film producer & director. Prachi Desai, Famous Actress and winner of reality show "jhalak dikhlaja". Bindu Desai, Very famous Indian Actress of the 1960s, 1970s and 1980s. Divya Desai, Indian actress. Biyanka Desai, famous southern movie actress also seen in Bollywood

movies. Vaishali Desai,Prachi desai film actress, grand niece of Manmohan Desai. Anoop Desai, contestant on American Idol, Season 8.

- Himansu Desai Cricketer : selected to play for Baroda in Ranjitrophy Cricket Tournament from 1963 till 1967. Also selected to play for Cricket Control Board's President's XI against Sri Lanka in 1965. Awarded Honorary degree of FELLOW by Institute of Engineers, India.
- Jashubhai B. Naik, Mohanpur-Amalsad Kalaguru, Awarded Rastrapati Award & Gujarat Gaurav Puraskar Founder, Fine Arts College in Amalsad.
- Ashokbhai Desai. - Solicitor General.
- Bharatbhai Desai. - Syntel Corporation (USA).

[ - Article Notable Anavils from Shree Bruhad Anavil Samaj, Navsari]

## અનાવિલ સમાજના વારસાગત લક્ષણો (Genetic Characters)

| | | | |
|---|---|---|---|
| અનાવિલ એટલે | *હોંશિયાર*<br>Clever | *ખુલ્લા દિલના*<br>Frank | *સહનશક્તિવાળા*<br>Tolerant |
| | *શાંત*<br>Quiet | *આનંદી*<br>Cheerful | *વૈભવી જીવન ચાહકો*<br>Luxury Loving |
| | *નેતા*<br>Leader | *વહીવટકર્તા*<br>Administrator | |

આ બધા સાથે બે મુખ્ય લક્ષણો એટલે આપવડાઈ અને હમ સચ્ચાઈ.

1. આપવડાઈ: (Superiority complex - thinking of oneself to be the greatest) આપડવાઈ એટલે હું સર્વશ્રેષ્ઠ એટલું જ નહિ, મારાથી વધારે ઊંચાઈએ કોઈ નહિ, દુનિયામાં સૌથી મહાન એટલે હું. દરેક અનાવિલના આ લક્ષણે આપણી એકતાને રોકી છે.
2. હમ સચ્ચાઈ: (Whatever I say is the final truth and my truth is the only truth - no arguments.) હું જે કહું તે જ સાચ્ચું કોઈ વાદવિવાદ નહિ. હું કહું તેમ જ કરો એવો આગ્રહ તે હમ સચ્ચાઈ.

***આપણી મહાન જાતિ અનાવિલમાં થોડા સુધારા કરવાની જરૂર છે. ચોકકસ આપણે મહાન છીએ જ.***